ગંદકી સામે જંગ માંડયા વિના છૂટકો નથી

દિવાળીના આનંદ-ઉત્સવો આપણે રંગેચંગે ઉજવ્યા. હવે આપણા ઘરના, સેકટરના અને નગરના આરોગ્ય પ્રત્યે આપણે ગંભીરતાપૂર્વક વિચાર વિમર્શ કરીએ તે આજની જરુરિયાત છે. આરોગ્યનો સીધો સંબંધ સ્વચ્છતાની જાળવણી સાથે છે.

'ગંદકી સામે જંગ માંડયા વિના છૂટકો નથી' આ આક્રોશપૂર્ણ શબ્દો મહાત્મા ગાંધીના છે. સમગ્ર દેશના પરિભ્રમણ દરમિયાન તેમણે ગામે ગામ ગંદકીના થર નિહાળ્યા હશે અને તેને પરિણામે ફેલાતા રોગચાળાથી પરિચિત થયા હશે અને આક્રોશ વ્યકત કર્યો હશે. એ વાતને આજે સાત દાયકાથી વધુ સમય પસાર થઈ ગયો છે. ગંદકીને આપણે દૂર કરી શકયા છીએ?

ગાંધીનગર મહાનગરની વાત કરીએ તો મુખ્ય રસ્તાઓ સ્વચ્છ રાખવા સુધી આપણે ગતિ કરી છે. સેકટરોની હાલત આજે પણ મહાનગરપાલિકાની સ્થાપનાને બે વર્ષથી વધુ સમય પસાર થયા પછી પણ ઘણી ખરાબ છે. ગંદકી સામે જંગ માંડવો હશે તો આપણે ત્રી સ્તરિયા પ્રયાસો કરવા પડશે. મહાનગરપાલિકાના સેવકો સહિત મોટા ભાગના નાગરિકોએ ગંદકી સામેની માનસિકતા બદલવી પડે, સતત જાગૃતિ સાથે કાર્યરત રહેવું પડશે. સ્વચ્છતા જાળવવાની જેમની જવાબદારી છે તે મહાનગરપાલિકાએ અસરકારક વ્યવસ્થા ગોઠવી, નગરસેવકોને તેમના વોર્ડની જવાબદારી આપવી પડશે. આવતી કાલના નાગરિકો એવા વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગેનું પ્રાથમિક શિક્ષણ સતત મળતું રહે તે જોવું પડશે.

> સ્વચ્છતા જાળવણી અંગેના આપનાં સૂચનો, અનુભવોની વાત આવકાર્ય છે. લોકસંસદમાં સહચિંતન માટે આમંત્રણ છે. - તંત્રી

● નાગરિકો સહયાત્રી બને

સ્વચ્છતાની જાળવણી અંગે સમસ્ત દેશવાસીઓને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે દર્દભરી અપીલ કરી હતી. હૈદરાબાદ ખાતે પ્રવચન આપતા ડૉ. કલામે જણાવ્યું હતું કે આપણે કહીએ છીએ કે સરકાર કામ નથી કરતી. કાયદા જુના થઈ ગયા છે. જાહેર સેવાઓ ખાડે ગઈ છે. પરદેશ જઈએ છીએ ત્યારે શિસ્ત અને સલુકાઈથી તે દેશના કાયદા પાળીએ છીએ, પણ આપણા દેશના કાયદા કેમ આપણને સ્પર્શતા નથી?

ડૉ. કલામ દર્દનાક સ્વરમાં આક્રોશ વ્યકત કરે છે : 'આ વ્યવસ્થા કોણ બદલશે?' તેઓ સૂચવે છે : 'હકારાત્મક બનીને ઘર સમાજની વ્યવસ્થા તેમજ આપણું માનસ બદલીને જ આપણે શ્રેષ્ઠ નાગરિક બની શકીશું.'

ગાંધીનગરના નાગરિકો સ્વચ્છતાની જાળવણી પ્રત્યે હકારાત્મક બને રસ્તાઓ પર કચરો ન ફેંકીએ. માતાઓ ઘરની સફાઈ સાથે મહોલ્લાની સફાઈ પ્રત્યે પણ જાગૃત બનશે તો ગાંધીનગરને નમૂનારૂપ સ્વચ્છ નગર બનાવી શકીશું. સ્વૈચ્છિક સંસ્થાઓના સેવાભાવી સભ્યશ્રીઓ મહત્વનું પ્રદાન આપી શકે તેમ છે.

● અપના હાથ જગન્નાથ

ગ્રામ વિકાસ અને શિક્ષણ ક્ષેત્રે મહત્વનું પ્રદાન આપનાર, ગાંધીનગરના રહેવાસી ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી અરવિંદભાઈ પટેલ માને છે કે તંત્ર દ્વારા ગોઠવાયેલી વ્યવસ્થા ઉપરાંત નાગરિકોએ પોતાના વિસ્તારની સ્વચ્છતાની જવાબદારી સામુહિક રીતે પોતે જ ઉપાડવી જોઈએ.

લોક સંસદ
આવો, સહ-ચિંતન કરીએ
જયોતીન્દ્ર દવે, જાગૃત નાગરિક પરિષદ

ગંદકીને કારણે ઉદભવતા રોગોને લીધે શારીરિક દુઃખ ભોગવવા ઉપરાંત દવા સારવારનો આર્થિક બોજો આપણે ભોગવવો પડતો હોય છે. તેના બદલે આપણા ખર્ચે જ સ્વચ્છતા રાખવાની વ્યવસ્થા ગોઠવવી વધુ લાભદાયક છે. સેકટર-૧ના રહેવાસીઓ આ પ્રકારનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવા વિચારી રહ્યા છે.

● મહાનગરપાલિકા અસરકારક તંત્ર ગોઠવે

નગરની સ્વચ્છતા જાળવવાની પ્રાથમિક જવાબદારી મહાનગરપાલિકાના તંત્રની છે. સફાઈ કર્મચારીઓ નિયમિત કામગીરી કરે અને તેના સુપરવાઈઝરો દરરોજ સ્થળ મુલાકાત લે તે સુનિશ્ચિત કરવું જરુરી છે. જે તે વિસ્તારના જુદા જુદા રહેવાસીની રોજે રોજ ડાયરીમાં સહી મેળવવાનું ફરજિયાત બનાવવાથી કામગીરીમાં સુધારો થવા સાથે નાગરિકો પણ સ્વચ્છતા કામગીરીમાં જોડાશે. સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યશ્રીઓને આ ઉત્તર દાયિત્વ સોંપી શકાય.

સેકટરમાં આવેલા કચરો એકત્ર કરવાના કન્ટેનર પાસે બોર્ડ મૂકીને તેના પર કર્મચારી સુપરવાઈઝર તેમજ સેનેટરી સુપ્રિન્ટેન્ડેટના નામ-મોબાઈલ નંબર દર્શાવવા જોઈએ. આથી કચરા નિકાલની અનિયમિતતા અંગે નાગરિકો સંબંધકર્તાનું ધ્યાન દોરી શકશે.

આમ તો જાગૃત નાગરિકોએ પોતાના ઘરના કચરાના નિકાલ માટે પોતાની ખાનગી વ્યવસ્થા ગોઠવેલી છે. પ્રશ્ન માત્ર ઢોરો દ્વારા થતી ગંદકી અને

● અનુસંધાન પાના ૭ પર

સંભારણા દિવસ : માર્ગ અકસ્માતમાં અવસાન પામેલા અજાણ્યા મુસાફરોને અંજલી આપવાનો દિવસ એટલે સંભારણા દિવસ. આજે રવિવારે સાંજે અકસ્માતમાં મૃત્યુ પામેલ મૃતકોને અંજલી આપવા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના સ્ટાફ પરિવાર દ્વારા મિણબત્તી પ્રગટાવી પ્રાર્થના કરી હતી. બિનવારસી મૃતકોને અંજલી આપવા માટે ગુજરાતભરમાં સંભારણા દિવસ નિમિત્તે સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઈમરજન્સી મેડીકલ સર્વિસના સ્ટાફે વિવિધ કાર્યક્રમો યોજયા હતા. ગાંધીનગરમાં પણ ઘ-૪ પાસે ૧૦૮ સ્ટાફ પરિવાર દ્વારા મિણબત્તી પ્રગટાવી મૃતકોને ભાવભીની અંજલી આપી હતી.

ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા

ગાંધીનગર શહેરમાં ઘણાં લાંબા સમયથી જગાઓ ખાલી હોવા છતાં બદલી કેમ્પો યોજાતા નથી : ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો અમલ કરવામાં પણ શિક્ષણ વિભાગના ઠાગાઠૈયા

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના વિકાસની વાતો વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત થઈ છે ત્યારે મુખ્યમંત્રીશ્રીના વહીવટી તંત્ર દ્વારા કુવા તળે અંધારા જેવી પરિસ્થિતિ પેદા કરી છે. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જ ગરીબ બાળકોને પ્રાથમિક શિક્ષણથી વંચિત રાખવામાં આવી રહ્યા હોવાનું શિક્ષણ વિભાગની બેદરકારીના કારણે બનવા પામ્યું છે. ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા દેખાઈ રહી છે.

ગાંધીનગર શહેરના ગરીબ બાળકોને પ્રાથમિક શિક્ષણ ઘર આંગણે જ મળી રહે તે માટે રાજય સરકાર સતત ઉદાસીનતા દાખવી રહી હોઈ લોકોમાં આક્રોશ જાગ્યો છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અનુસાર અપાયેલ સૂચનાઓનું પણ શિક્ષણ વિભાગ અમલ કરતો નથી જેના કારણે ગાંધીનગર શહેરના શિક્ષકોની ઘટ ઉભી થયેલ છે. અન્ય જિલ્લાઓમાં પ્રાથમિક શિક્ષકોના બદલી કેમ્પો યોજાય છે તે મુજબ ગાંધીનગર જિલ્લા અને તાલુકાના કેમ્પો યોજાઈ ગયા છે તો ગાંધીનગર શહેરનો કેમ્પ યોજવામાં તંત્ર દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવી રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર શહેર વિસ્તારની પ્રાથમિક શાળામાં શિક્ષકોની જગ્યાઓ ન ભરવાના કારણે ગાંધીનગર તાલુકાના અંદાજે ૨૯ થી વધારે પ્રાથમિક શિક્ષકોને તાલુકાની શાળાની બહાર જવાની નોબત આવી છે. પ્રાથણિક શિક્ષણ નિયામક અને શાસનાધિકારી (ગાંધીનગર)ની બેદરકારીને કારણે ગરીબ બાળકો પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેવાની નોબત આવી છે. આટલું જ નહીં આ બન્ને અધિકારીઓ સત્તાના નશામાં હોઈ તેમને રૂબરૂમાં રજુઆત કરવા જતાં બેજવાબદારીપૂર્વક ઉદ્ધતાઈથી જવાબો આપે છે તેમજ માહિતી અધિકારીના કાયદાને પણ ઘોળીને પી ગયા છે અને માહિતી પણ આપતા નથી.

ગાંધીનગર તાલુકામાં ૨૯ શિક્ષકોની વધ છે જ્યારે ગાંધીનગર શહેરમાં ઓકટો-૨૦૧૩ અંતિત ૬૩ શિક્ષકની ઘટ છે. જે એક વહીવટી અણઆવડત કે પછી જાણી જોઈને સરકારી નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોય તેવું જણાય છે. શહેરી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ ભરવામાં જિલ્લાના ૨૫ થી વધુ શિક્ષકોની સંમતી મેળવવામાં આવી છે તેમ છતાં પણ બદલી કેમ્પો કેમ યોજાતા નથી તે સમજાતું નથી.

● અનુસંધાન પાના ૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- આજે દેવદિવાળી હોવાથી પંચદેવ મંદિર સહિત જિલ્લાના ઘણા બધા સ્થળોએ તુલસી વિવાહ યોજાયા હતા.
- દેવદિવાળી અને પૂનમને લઈ આજે અંબાજી જનારા માઈભકતોની સંખ્યા પણ ઘણી મોટી હતી.
- દેવદિવાળીના પર્વની સાથે જ લગ્નસરાનો માહોલ પણ હવે જામી રહ્યો છે.
- ગાંધીનગર શહેરમાં દિપાવલીનુ વેકેશન તેના અંતિમ ચરણમાં પહોંચતા નગરજીવન પુનઃ ધબકતુ થયું છે.
- આજે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હતુ તો બપોરે ગરમી પણ ૨૯ ડિગ્રીનો પારો વટાવી ગઈ હતી અને ઠંડી સમી સાંજથી શરૂ થતાં લોકોને બેવડી ઋતુનો માહોલ અનુભવ્યો હતો.
- શિયાળાની ઠંડીને લઈ હવે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે.
- નાદુરસ્ત બનેલ પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલને સંપૂર્ણ આરામની તબીબોએ સલાહ આપી છે.
- નગરના મહિલા અગ્રણી અને રાષ્ટ્રપતિ એવૉર્ડ વિજેતા ૬૬ વર્ષીય શ્રીમતી ઈન્દુમતીબેન નિમાવતે રાજકોટ ખાતે યોજાયેલ માસ્ટર એથ્લેટિકસમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર દોડ અને ગોળાફેંકમાં પ્રથમ સ્થાન મેળવી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ છે.

ગાંધીનગરમાં બીજા દિવસે ઠંડી યથાવત

લઘુત્તમ તાપમાન ૧૩.૨ ડિ.સે. સુધી ઉતરતા જનજીવન પર તેની ઘેરી અસર

ગાંધીનગર, તા. ૧૭

ઠંડા પવનો ફુંકાતા ઠંડીમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રી જેટલો વધુ ઘટાડો થતા સતત બીજા દિવસે શહેરમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો હતો.

સાંજે છ-સાત વાગે જ સુમસામ થઈ જતા શહેરના માર્ગો ઠંડીના આગમનની ચાડી ફુંકી રહ્યા છે. છેલ્લા બે દિવસથી તો શહેરમાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. વળી સતત ફુંકાતા પવનોના કારણે દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવી સ્થિતિ છે. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી નોંધાયું હતું તો આજે તે એકાદ ડિગ્રી જેટલુ ઘટીને ૧૩.૨ નોંધાતા જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. વસાહતીઓ ઠંડીથી રક્ષણ મેળવવા ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરી રહ્યા છે. માર્ગો પર અવરજવર ઓછી થઈ ગઈ છે. વહેલી સવારે જોગીંગ વોકીંગ માટે નીકળનારા વસાહતીઓની સંખ્યા વધી છે. તો સાંજે સાત વાગે તો શહેરના માર્ગો એકદમ સુમસામ થઈ જાય છે. ગરમ વસ્ત્રોની ખરીદી વધી છે. મહત્તમ તાપમાન પણ ૨૯.૬ ડિગ્રી જેટલું નોંધાતા દિવસે સુંદર વાતાવરણ સર્જાય છે.

સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે પરિવર્તન પર્વ ઉજવાયું

પરિવર્તન પર્વ : ચાર્તુમાસના સમાપન પ્રસંગે પરિવર્તન પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ હતી. પરમ પૂજ્ય શ્રી પ્રસંન્નકિર્તી મહારાજ સાહેબના ચાર્તુમાસ સમાપન પ્રસંગે સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે ભાવિકોએ આભાર વર્ષ પરિવર્તન પર્વ ઉજવ્યું હતું. ચાર માસ દરમિયાન મહારાજ સાહેબે ધાર્મિક વ્યાખ્યાનો અને ધાર્મિક પરંપરાઓ દ્વારા ધર્મની મહત્તા સમજાવી હતી. સમગ્ર જૈન સમાજ મહારાજ સાહેબ પરત્વે આભાર વ્યકત કરવા રવિવારે વહેલી સવારે દેરાસર પહોંચ્યો હતો. વાજતે ગાજતે મહારાજ સાહેબને અલવિદા કહેવાઈ હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, જૈન સંઘના પદાધિકારીઓ અને સંઘના મોભીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

ખરીદશકિતની બહાર પહોંચેલી ડુંગળીના ભાવો ઘટવા લાગ્યા

ગરીબોની કસ્તુરીની આવક વધતા ભાવ ૨૫ થી ૪૫ ટકા ઘટયા : જો કે હજુ પણ ભાવ ઉંચા

ગાંધીનગર, તા. ૧૭

હજુ થોડાક સમય પહેલા જ પેટ્રોલ કરતાં પણ મોંઘા ભાવે વેચાતી ડુંગળીના ભાવો નવી આવકો વધતા ઘટી રહ્યા છે. ડુંગળીની નવી આવકોના કારણે ભાવોમાં ઘટાડો નોંધાયો છે. હોલસેલમાં ભાવો ૨૫ થી ૪૫ ટકા ઘટયા છે જો કે છુટકમાં હજુ પણ ડુંગળી ૫૦ થી ૬૦ રૂ. કિલો વેચાઈ રહી છે.

ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના ભાવો છેલ્લા પાંચ-સાત મહિનાથી ભડકે બળી રહ્યા છે. ડુંગળીની આવક ઓછી થતા અને સંગ્રહખોર વેપારીઓના કારણે દિલ્હી-મુંબઈ જેવા શહેરોમાં ડુંગળી ૧૦૦ રૂ. કિલોના ભાવે વેચાઈ હતી તો નાના સેન્ટરો પર પણ ડુંગળીના ભાવો ૭૦ થી ૮૦ રૂ. સુધી પહોંચી ગયા હતા. ગરીબો અને મધ્યવર્ગીય પરિવારોએ ડુંગળી ખરીદવાનું છોડી દીધું હતું. ચોમાસા બાદ હવે ડુંગળીની નવી આવકો બજારમાં આવતા ભાવો ઘટવા લાગ્યા છે. મહારાષ્ટ્રના મુખ્ય માર્કેટીંગ મથકો લાસલગાંવ અને પિમ્પલગાંવ તથા ગુજરાતમાં મહુવા તેમજ રાજસ્થાનમાં અલવર ખાતે ડુંગળીની આવકોમાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે ભાવો પર દબાણ આવ્યું છે. આગામી દિવસોમાં ગુજરાત, રાજસ્થાન અને એમપીમાંથી નવા માલની આવકોની સંભાવના છે. હોલસેલમાં આવકોમાં ૫૦ ટકાનો વધારો થતા ભાવોમાં ઘટાડા તરફનું વલણ જોવા મળી રહ્યું છે. હોલસેલમાં રૂ. ૭૦૦ પ્રતિ મણવાળા ભાવ ઘટીને રૂ. ૫૦૦ સુધી આવ્યા છે. જો કે વેપારીઓના મતે તેની ગુણવત્તા હલકી

● અનુસંધાન પાના ૭ પર

ટામેટા સિવાયની શાકભાજી સસ્તી થઈ

બજારોમાં આજકાલ લીલા શાકભાજી ખુબ ઠલવાતા ભાવો નીચા આવ્યા છે. ટામેટા, ડુંગળી અને બટાકા સિવાયની શાકભાજી સસ્તી થઈ છે. લીલા પાંદડાવાળી શાકભાજીએ હવે ભોજનમાં મોખરાનું સ્થાન મેળવી લીધુ છે. છેલ્લા ઘણા સમયથી શાકભાજીના ભાવોમાં આવેલો ઉછાળો નવી આવકોના કારણે નીચે આવ્યો છે. ભરપુર ચોમાસા બાદ લીલા શાકભાજીની આવકો ખુબ થઈ છે. મેથી, પાલક, લીલી ડુંગળીના ૩૦ થી ૪૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહી છે. ૧૦ થી ૨૦ રૂ.ની એક-બે ગડી ગૃહિણીઓ ખરીદી રહી છે. લીલા શાકભાજીના કારણે ભોજનની રોનક વધી છે. જો કે ટામેટા ખુબ મોંઘા છે. છુટક બજારમાં તે ૬૦ થી ૭૦ રૂ. કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. તો બટાકા પણ ૩૦ થી ૪૦ રૂ. કિલો જેટલા ઉંચા ભાવે વેચાઈ રહ્યા છે. ટામેટા, ડુંગળી અને બટાકાના ભાવો કાબુમાં આવી જાય તો અતિશય મોંઘવારીમાં ગૃહિણીઓને થોડીક રાહત થાય.

Graphic Designing, Advertising
Ad Films - Corporate Films
Creative Photography
& Public Relations
We Create We Design
News Paper Ad
Hoarding
Invitation Cards
Visiting Cards
Brochure, Books
Letter Pad
& anything...
PARAM CREATIONS
504, Shalin, Sec-11, Gandhinagar. Ph. : 079-23243644
we design your desire...

વેચવાની છે
ડબલ શટરવાળી મોકાની દુકાન વેચવાની છે.
દુકાન નં. ૨૦૧, પહેલા માળે, મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષ, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર
: સંપર્ક : ૯૮૨૫૯૦૪૦૮૨

Y.A. MANSURI M. : 9824049503
SANJAY S. SHAH P.Manubhai Medical
Since 1986
॥ अभय ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage • Exhibitions • Reception • Parties • Seminars
AD ASHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-152, 153, 154, S.Ts. Vidyanagar Factory, Electronics Estate, GIDC, Sector-25, Gandhinagar
Ph. : 079-232 87364, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25582043
email : info@abhaydecorators, www.abhaydecorators.com

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com